અંબાપુર નજીક ગાડી અને એક્ટીવા વચ્ચે અકસ્માત

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગરના અંબાપુર ગામના પાટીયે આજે સવારે એક્ટીવા અને જાયલો ગાડી વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં કારની ટક્કરે એક્ટીવા ચાલક મહિલાને ગંભીર ઈજાઓ પહોંચતા ગાંધીનગર બાદ અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં વધુ સારવાર અર્થે ખસેડવામાં આવી હતી. આ ઘટના અંગે અડાલજ પોલીસે ગુનો નોંધી ફરારના ડ્રાઈવરની શોધખોળ હાથ ધરી હતી.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ અમદાવાદના નરોડા વિસ્તારમાં આવેલ પ્રકાશ સોસાયટીમાં પોતાના પરિવાર સાથે રહેતી ૩૪ વર્ષીય પરણિત મહિલા મીલીબેન આકાશભાઈ પંચાલ આજે પોતાનું એક્ટીવા લઈ અંબાપુર ગામ નજીકથી પસાર થઈ રહ્યા હતા. દરમિયાન પાછળથી પૂરઝડપે આવતી એક જાયલો ગાડી નં. જીજે-૧૮-એ.યુ.૫૬૮૬ ચાલકે બેદરકારીપૂર્વક કાર હંકારી એક્ટીવા ચાલક મહિલાને ટક્કર મારી હતી. જેથી મહિલા ગંભીર રીતે ઈજાઓ થવા પામી હતી અને કારનો ડ્રાઈવર કાર મુકી ફરાર થઈ ગયો હતો. ઘાયલ મહિલાને ૧૦૮ મારફતે ગાંધીનગર સિવિલમાં ખસેડવામાં આવી હતી. જ્યાં તેની વધુ હાલત ગંભીર જણાતા અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં મોકલી આપી હતી. પોલીસે આ મામલે ફરાર કારના વિરૂદ્ધ ગુનો નોંધી તેની શોધખોળ હાથ ધરી છે.

ઉપવાસ પર બેઠેલા એક હેલ્થ વર્કરની તબીયત લથડી સિવિલમાં દાખલ

ગાંધીનગર ઘ-૩ સત્યાગ્રહ છાવણી ખાતે પોતાના પડતર પ્રશ્નો માટે ઉપવાસ પર બેઠેલા પાંચ મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરમાંથી આજે બપોરે એક યુવાનની તબિયત લથડતા ગાંધીનગર સિવિલ ખાતે ખસેડવામાં આવ્યા છે. પોતાના પડતર પ્રશ્નો અને માંગણીને લઈને મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરો છેલ્લા પાંચ દિવસથી ઉપવાસ તેમજ ધરણા પર બેઠા છે. ગતરોજ ગાંધીનગર ખાતે વર્કરો દ્વારા વિશાળ રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. આ વર્કરોમાંથી આજે બપોરે ૧ વાગે એક વર્કર બાબુભાઈ પેથાભાઈ સોમેસ્વરા (ગામ સુરેલ તા. પાટડી જી. સુરેન્દ્રનગરની તબિયત લથડતા ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો છે. આ મામલે સરકાર દ્વારા જો હકારાત્મક પ્રતિભાવ નહી સાંપડે તો વર્કરોએ આગામી દિવસોમાં જલદ આંદોલનની ચિમકી ઉચ્ચારી છે. હાલ લાગી રહ્યુ છે કે વર્કરો સરકાર સમક્ષ આક્રમક રીતે લડી લેવાના મૂડમાં આવી ગયા છે.

દહેજના દુષણ સામે રક્ષણ મેળવવા મૃતકોના સ્વજનોએ અધિક કલેક્ટરને આવેદનપત્ર સોંપ્યું

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગરના ઘ-૩ પાસે આવેલી ઉપવાસી છાવણી પર ગત રોજ દહેજના દુષણથી મૃત્યુ પામેલી કે કમોતે મરેલી બહેન-દીકરીઓના ભાઈઓએ-સ્નેહીઓએ ધરણા ધરી અધિક કલેક્ટરને આવેદનપત્ર સુપરત કર્યું હતું.

ગુજરાત હાઉસિંગ બોર્ડ, મેઘાણીનગર, અમદાવાદની મીતાબેન સોમાભાઈ પરમારે તાજેતરમાં સારરિયાઓના ત્રાસથી ગળે ફાંસો ખાઈને આત્મહત્યા કરી હતી. ગાંધીનગરના પ્લોટ નં. ૨૦૭/૧, સેક્ટર-૨-બી માં રહેતા કુકરવાડાના વતની અમરતભાઈ બેન્કરના દીકરા અભિષેક સાથે નીતાબેનના લગ્ન થયા હતા. પણ વારંવાર દહેજની માગણી અને મારઝુડને લીધે કંટાળેલી નીતાએ ગળે ફાંસો ખાઈ પમી જુલાઈ-૨૦૧૨ના રોજ આત્મહત્યા કરી હતી. નીતાબેનની આત્મહત્યાથી દુઃખી થયેલા તેના ભાઈ રમેશભાઈ સોમાભાઈ પરમારે મેઘાણીનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

પરંતુ આજ દિન સુધી આરોપીઓ ઉપર કોઈ કાર્યવાહી થઈ નથી. ગુજરાતમાં આવા રોજ-બરોજ આત્મહત્યા અને અત્યાચારના અનેક બનાવો બને છે ત્યારે પોલીસ તરફથી કોઈ કાર્યવાહી ન થતાં મૃતકના સગા સંબંધીઓ નારાજ થાય છે અને આંતરિક આક્રોશ વ્યક્ત કરે છે. સમાજમાં બનતી આવી કમોતની ઘટનાઓ સામે રક્ષણ મેળવવા તથા યોગ્ય ન્યાય મેળવવા ગત રોજ ગાંધીનગરની ઉપવાસી છાવણી ઉપર ૩૦ જેટલા ભાઈ બહેનોએ ધરણાનો કાર્યક્રમ યોજી મે. નિવાસી અધિક કલેક્ટરને આવેદન પત્ર આપ્યું હતું.

જાયન્ટ્સ ગૃપ ઓફ ગાંધીનગર દ્વારા ૪૫ ડસ્ટબીન ગોઠવાયા

ગાંધીનગર, તા. ૨૫

જાયન્ટ્સ ગૃપ ઓફ ગાંધીનગર દ્વારા ચોમાસામાં ગંદકી ન થાય તે માટે સેકટરોમાં ૪૫ ડસ્ટબીન ફીટ કરેલ છે. ડસ્ટબીન અંદાજે રૂપિયા ૨૨૦૦ના ખર્ચના બન્યા છે. શહેરના માર્ગો, શોપિંગ સેન્ટરો, ધાર્મિક સ્થળો જ્યાં ગંદકી થતી હોવાનું જણાય છે. ત્યાં ડસ્ટબીન મુકેલ છે.

વસાહતીઓને વેપારીઓને ડસ્ટબીનો વધેલા ખોરાક કે એઠવાડ ન નાંખવા. પરંતુ સુકો કચરો, કાગળ, પ્લાસ્ટીક થેલી વગેરે કચરો નાંખવો.

ડસ્ટબીનની એક બાજુ સ્વચ્છ શહેર તથા બીજી બાજુ બેટી બચાવોની જાહેરાત મુકેલ છે. ડસ્ટબીન જમીનમાં કાયમી ધોરણે ફીટ કરેલ છે. આવકારદાયક અને નમુના રૂપ છે. જાયન્ટ્સ ગૃપ ઓફ ગાંધીનગર દ્વારા મહાનગરપાલિકાને ડસ્ટબીનો જ્યાં ગોઠવેલ છે તેની માહિતી આપેલ છે. ડસ્ટબીનમાંથી નિયમિત કચરો ઉપાડવાની કાર્યવાહી હાથ ધરવા વિનંતી છે.

ગૃપના પ્રમુખ સાંકાભાઈ પટેલ, ઉપપ્રમુખ બાબુભાઈ પટેલ, ચંદુભાઈ પટેલ, અલ્પેશભાઈ પટેલે જહેમત ઉઠાવીને ડસ્ટબીનો ગોઠવેલ છે. ગૃપના પ્રમુખ સાંકાભાઈ પટેલે જણાવેલ છે.

ઘ-૬ પાસે જુની અદાવતે યુવાનને ગડદાપાટુનો માર માર્યાની ફરિયાદ

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગરના ઘ-૬ સર્કલ નજીક આજે બપોરે એક ઈસમે તેના ૩ મિત્રો સાથે આવી ૩ વર્ષ જુની અદાવત રાખી એક યુવાનને ગડદા પાટુનો માર મારી જાતિ વિષયક ટિપ્પણીઓ કરતા યુવાને સેકટર-૨૧ પોલીસ મથકમાં એટ્રોસીટીની ફરિયાદ આપતા પોલીસે ફરિયાદ લઈ આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સૂત્રોથી મળેલી માહિતી મુજબ ગાંધીનગર સેકટર-૧૭ બ્લોક નં. ૪૫/૪, છ ટાઈપમાં રહેતા સૌરભ દિનેશભાઈ પરમાર નામનો યુવક પોતાના પરિવાર સાથે રહે છે. જે યુવાનનું કમ્પ્યુટર બગડતા તેણે તેના મિત્રને કમ્પ્યુટર રીપેર કરવા ફોન કર્યો હતો પરંતુ તેના મિત્ર પાસે કોઈ વાહન ન હોવાથી સૌરભ પરમાર ઘ-૬ નજીક પોતાના મિત્રને લેવા ગયા હતા જ્યાં ઈન્દ્રજીતસિંહ બહોલા રહે સે-૨૨ અને તેના અન્ય ૩ મિત્રોએ સૌરભને બોલાવી ૩ વર્ષ અગાઉ થયેલી નજીવી જુની તકરાર મામલે ઉગ્ર બોલાચાલી કરી હતી અને જાહેરમાં સૌરભને ગડદાપાટુનો માર માર્યો હતો તથા જાતિ વિષયક ટીપ્પણીઓ કરી હતી અને નાસી છૂટયા હતા જેથી સૌરભ પરમારે સેકટર-૨૧ પોલીસ મથકે મારામારી અને એટ્રોસીટીની ફરિયાદ આપતા પોલીસે ફરિયાદ નોંધી આરોપીઓની શોધખોળ હાથ ધરી છે.

ચ-૭ પાસે જીપ ડાલુ અને એસ.એક્સ-૪ અથડાયા : એકને ઈજા

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગરના ચ-૭ પાસે જીપડાલુ અને એસ.એક્સ.ફોર ગાડી વચ્ચે અકસ્માત સર્જાતા એક વ્યક્તિને ઈજા પહોંચી છે. આ બનાવ અંગે સે. ૨૧ પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગત મુજબ ગાંધીનગર ચ-૭ પાસે પ્રાંતિયાના રહેવાસી અલ્પેશભાઈ મીસ્ત્રી પોતાની જીપડાલુ નં. જીજે-૯-ટીટી-૬૩૨ લીઈ રહ્યા હતા. દરમિયાન એસ.એક્સ.ફોર ગાડી નં. જીજે-૧૮-એ.એચ.૬૯૯૫ ના ચાલક વિષ્ણુપ્રભુદાસ પટેલે દારૂ પીધેલી હાલતમાં ગફલતભરી રીતે કાર હંકારતા અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં જીપડાલામાં બેઠેલા બકાજી ઠાકોરને સામાન્ય ઈજા પહોંચી હતી. આ બનાવ અંગે અલ્પેશભાઈએ સેક્ટર-૨૧ પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવતા એ.એસ.આઈ. પ્રવિણસિંહ રજુજીએ ગુનો નોંધી તપાસ આદરી છે.

રાંધેજા ચોકડી પાસે અકસ્માતમાં ત્રણ મહિલાઓને ઈજા

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર-રાંધેજા માર્ગ પર રાંધેજા ચોકડી પાસે એક ટ્રક અને ગાડી વચ્ચે ગંભીર અકસ્માત સર્જાયો હતો. જેમાં ૩ મહિલાઓને ગંભીર ઈજાઓ થવા પામી હતી. જ્યારે એક મહિલાને વધુ ઈજાઓ પહોંચતા ગાંધીનગર સિવિલમાં ખસેડવામાં આવી હતી. આ અકસ્માત અંગે પેથાપુર પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આજે સાંજે ૩.૪૫ કલાકે રાંધેજા ચોકડી પાસે એક બોલેરો ગાડી નં. જીજે-૧૮-એ-૬૦૪૯ માં એક ચાલક સહિત ૩ કુડાસણ ગામની મહિલા મુસાફરો મુસાફરી કરી રહી હતી. તે દરમિયાન એક ટ્રક નં. જીજે-૧૮-એ.યુ.-૭૧૧૧ના ચાલકે ગફલત ભરી રીતે ટ્રક હંકારી બોલેરો ગાડીને સામે ટક્કર મારી હતી. જેથી ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં બોલેરો ગાડીમાં સવાર ૩ મહિલાઓ જીવીબેન ગાભાજી ઠાકોર ઉંવ. ૫૫, ચંપાબેન અંબાજી ઠાકોર ઉં.વ. ૪૩ અને લીલીબેન ભીખાજી ઠાકોર ઉ.વ. ૩૫ (તમામ રહે. કુડાસણ ગામ)ને નાની મોટી ઈજાઓ થવા પામી હતી. જે પૈકી જીવીબેન ઠાકોરને વધુ ઈજાઓ થતા તેમને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ અકસ્માત અંગે પેથાપુર પોલીસે ગુનો નોંધી આગળની વધુ કાર્યવાહી હાથ ધરી છે.

ચિ.વીરના જન્મદિને રકતદાન કેમ્પ

ગાંધીનગર, તા. ૨૫

નગરના અગ્રણી શ્રી જે.સી.પટેના પૌત્ર ચિ. વીરના પ્રથમ જન્મદિન નિમિતે એચ.આઈ.વી., થેલેસિમીયા, ટીબી, કેન્સર જેવા રોગોથી પીડાતાને જરૂરિયાતમંદ દર્દીઓને મદદરૂપ થવાના આશયથી રકતદાન કેમ્પનું આયોજન રેડકોસ સોસાયટી, ગુજરાત મેડીકલ એજયુકેશન રીસર્ચ સોસાયટીના સહયોગથી તા. ૨૭મી જુલાઈના રોજ હરિપાર્ક, સેકટર-૨/ડી અંબિકા ચોકમાં સવારે ૭ થી ૧૧ વાગ્યા સુધી યોજેલ છે. રકતદાન કરી કાર્યક્રમને સફળ બનાવવા વી કેર ફાઉન્ડેશન પરિવારે જણાવેલ છે. ચિ. વીર શ્રી યોગશભાઈ જે. પટેલનો પુત્ર છે.

મજા હોય છે જેવી આ સંઘર્ષ ના સૂકા રોટલામાં; પ્રભુ! ધરી દેવાયેલા છપ્પન ભોગમાં એવી કરારી નથી હોતી

ગાંધીનગરમાં પ્રથમ મહિલા રીક્ષા ડ્રાઇવર બની નવો ચિલો ચાતરનાર દક્ષાબેન ગઢવીની સંઘર્ષગાથા રૂવાડાં ઉભા કરે એવી છે : સ્કૂલ વર્ધી અને શટલ ફેરામાં સખત પરિશ્રમ થકી દીકરાને એન્જિનીયરીંગ સુધી પહોંચ્યો

પથિકાશ્રમના સર્કલે તૂફાન ગાડીનાં માલિક કમ ડ્રાઈવર બૂમો પાડે છે, ''ઈસ્કૉન, સરખેજ, ગોતા, ચલો ફટાફટ, બે જ પેસેન્જર બાકી છે, ગાડી ઉપડી જશે...'' અને આ રૂટ પર ક્યારેક જનારાંનાં કાન સરવા થાય છે કારણ આ અવાજ એક મહિલાનો છે... સ્ત્રી અને શટલીયા ગાડી ચલાવે? સૌને આશ્ચર્ય જ થાય! આવું જ આશ્ચર્ય આજથી ૨૦-૨૨ વર્ષ પહેલાં જયારે આ બહેન રીક્ષા ચલાવાની ચાલુ કરી ત્યારે જોનારા સૌને થયું રીક્ષા ચલાવશે?! પણ હા, જયારે સ્કૂલ-કૉલેજની છોકરીઓ બાઈક ચલાવવાનો વિચાર નહોતી કરતી ત્યારે આ બહેને રીક્ષઆ ચલાવવી ચાલુ કરેલી...

શોલેના 'બસંતી' જેવી અલગ ચિલો ચાતરી રીક્ષા ચલાવનારાં દક્ષાબેન ગઢવી આજે તો ગાંધીનગરનાં પ્રથમ મહિલા રીક્ષા ડ્રાઇવરનું માન ખાટી ગયેલાં છે... સેકટર-૧૬માં રહેતાં અને ૧૬ની માધ્યમિકમાંથી ભણીને એથ્લેટીક્સની રમતોમાં સુંદર દેખાવ કરી તેમણે બી.કૉમ. ગાંધીનરની કૉલેજમાંથી કર્યું. ગ્રેજ્યુએશનની સાથોસાથ જ એમણે નોકરીને નજર સમક્ષ રાખી સ્ટેનો-ટાઈપીસ્ટનાં કોર્સ પણ કરી લીધેલાં. ૧૯૯૦ થી સરકારે ભરતી પર પ્રતિબિંબ નાંખી દેતા દક્ષાબેન સરકારી નોકરીની અપેક્ષાથી હાથ ધોઈ બેઠાં. આ સમયમાં જ એમનાં લગ્ન ગીરીષભાઈ સાથે થયાં. ગીરીષભાઈ ડિપ્લોમાં સિવીલ એન્જિનિયર હતા પણ નોકરી એમનેય નસીબ ના થઈ...

સેકટર-૧૬ નાં માધ્યમિકના પાછળના ચોકમાં રહેતાં સુરેશભાઈ મહેતા કે જેઓ શક્તિ ઑટોના માલિક છે અને હાલ તેઓ સેકટર-૨૪-૨૫ નાં ભાજપનાં કોર્પોરેટર છે એમનાં ગેરેજમાં ગીરીષભાઈ ગોઠવાઈ ગયાં... પણ એટલામાં ઘર કેમનું નભે?? દક્ષાબેને ફનવર્લ્ડનાં કેશિયર તરીકે નોકરી ચાલુ કરી અને નજીવા પગારને વધારવાં માટે પછી તો તેઓ વિડીયોકન અને કાશી એક્સપોર્ટમાં ખાનગી નોકરી કરી ૯-૯ કલાકની તનતોડ મહેનત કરતાં, મનમાં સતત ખટકતું કે આટલું ભણ્યા બાદ મજૂરી જ કરવાની, દિવસ આખો ઝૂઝાયા બાદ મળે શું હજાર - બે હજાર રૂપિયા??

ગાંધીનગરમાં ટ્રાન્સપોર્ટેશનમાં સારૂં નામ ધરાવતાં નારણકાકા એ વખતે સુમો અને વેનમાં સ્કૂલ વર્ધી મારતાં અને દક્ષાબેન કાયમ આ નારણભાઈને જોઈ વિચારતાં, સાલું આ ધંધો સારો છે. બાળકોને લાવવાં લઈ જવામાં કોઈ તકલીફ નથી, બસ પત્યું સાંજે પતિ સમક્ષ વાત નાંખી મારે રીક્ષા ચલાવવી છે, ગીરીષભાઈ પહેલાં તો આવું સાંભળી આંચકો

ખાઈ ગયાં પણ દક્ષાબેને એમને સમજાવી લીધાં, ગેરેજનું કામ કરતાં પતિએ પછી તો હા ભણી દીધી, ઘરમાં પડેલાં ૭૦૦ રૂપિયા જમાં કરાવી બાકીનાં ૩૨ હજારની લૉન કરી સૅકન્ડ હેન્ડ રીક્ષા વસાવી લીધી...

દક્ષાબેનનાં પિતા મનુભાઈ ગઢવી ઈરીગેશન ખાતામાં સેકશન ઑફિસર અને એમણે જાણ્યૂ કે એમની એકની એક દીકરી રીક્ષા ચલાવશે તો, એમનો ગુસ્સો સાતમાં આસમાને, એક અધિકારીની દીકરી રીક્ષા ડ્રાઈવરી કરે, પોતાની પરિસ્થિતિ સામે બાથ ભીડવાં રીક્ષા ચલાવી, સ્કૂલનાં બાળકોને વ્હાલથી લઈ જવા લાવવાનું કામ કરવાં લાગ્યા, ૬-૭ બાળકોથી શરૂ થયેલી રીક્ષામાં પછી સંખ્યા વધવા માંડી, ધંધો જામ્યો અને પછી તો એક પછી એક વાહનો વધવાં લાગ્યાં. પાંચ વર્ષની તનતોડ મહેનત પછી જ વેન ૧ મીનીડોર અને ૧ રીક્ષા એમ છ વાહનોનાં માલિક બની ગયાં!!

ગાંધીનગરની વિવિધ સ્કૂલની વર્ધીઓ સમેટી માત્ર કડીનાં અંગ્રેજી માધ્યમનાં વિદ્યાર્થીઓને જ પોતાની વર્ધીમાં સમાવ્યાં... પોતે તો બે પૈસા કમાય અને સાથે ચાર જણને રોજીરોટી આપી. પતિની ગેરેજની નોકરી છોડાવી એમનેય એક વેનનો કાર્યભાર સોંપી દીધો. પોતાની છએ ગાડીઓનું મેનેજમેન્ટ પતિને સોંપી દીધું. થોડો સમય બધું વ્યવસ્થિત ચાલ્યું પણ ડ્રાઈવરોના ડખા અને પરીક્ષા વખતે ગાડીઓનાં સેટીંગથી પતિ મૂંઝાયેલા રહેતા અને ઘરેય ટેન્શન કરતાં એટલે એક વેન વેચી મારી એમનાં માટે શટલીયા મારવા તૂફાન ગાડી લાવી દીધી...

આ બાજુ કડી સ્કૂલે પોતાની બસો વસાવતાં રીક્ષા ચાલતોની રોજી પર માર પડ્યો, ભાવ તૂટ્યા અને દક્ષાબેનને પણ પોતાનો ધંધો બીજે વાળવાની જરૂરીયાત ઉભી થઈ. એમણે પણ બીજી તૂફાન ગાડી લઈ સરખેજ રૂટ પર ગાડી દોડાવવી ચાલુ કરી... છેલ્લા ૯ વર્ષથી હવે દક્ષાબેન આ શટલીયા મારે છે. પણ ક્યારેય કોઈને એમની ગાડી ટચ થવા દીધી નથી. પેસેન્જરો પરનાં પરસ્પરના ભાવથી અને સેફ ડ્રાઈવીંગથી એમના ગ્રાહકો ચાહક બની ગયાં છે. એમનાં એક પેસેન્જર અનીસ પરીખ કહે છે કે, 'નાની અમથી વાતથી નાસીપાસ થઈ જિંદગી ટૂંકાવતી સ્ત્રીઓ માટે દક્ષાબેન ઉદાહરણ રૂપ સાબિત થયાં છે...' એમની પ્રગતિથી પછી તો રૂઠેલાં પિતાએ પણ વહાલ વરસાવી ઘરનાં અને દિલના દ્વાર ખોલી નાંખ્યાં...

જિંદગીભર સંઘર્ષ કરતાં દક્ષાબેનને એક વર્ષ પહેલા વળી એક કુદરતે ક્રૂર ફટકો માર્યો. મહારાષ્ટ્રમાં વર્ધી લઈને નીકળેલા એમના પતિને અકસ્માતમાં નડતાં તેમને બાર દિવસ સુધી દવાખાનામાં રાખવા પડ્યાં. પાંચ લાખનો દવાખાનાનો ખર્ચો અને બે લાખ ગાડી રિપેરીંગનાં ખોયા બાદ પણ એમનાં પતિ બચી ના શક્યા અને ભરયૌવને જીવનસાથી ગુમાવી બેઠાં... સાસરીયાવાળાએ મદદ ના કરી અને આમણેય ના માંગી, થોડા દિવસનાં શોક બાદ ફરી ગાડીએ બેસી રોજી રળવા લાગ્યાં...

પણ ભગવાન કે ઘરે 'દેર હે અંધેર નહીં હૈ' એમ એમના એકનો એક દીકરો વનરાજસિંહ બારમાં સાયન્સમાં સિંહ સાબિત થયો. સારી ટકાવારીએ એને પેટ્રોલિયમ એન્જિનીયરીંગમાં એડમિશન મળી ગયું. એશીં હજારની ફી સાંભળી એકવાર તો મનથી ડગેલાં દક્ષાબેને દીકરાની કરિયર ખાતર મહેનત વધારી દીધી... પાંચ વર્ષ બાદ જયારે દીકરો એન્જિનીયર થઈ બહાર પડે ત્યારે એમનાં સેકટર-પનાં ઘરે ગાડી પાર્ક કરી શાંતિથી જિંદગી વિતાવવાની ઈચ્છા ધરાવતાં દક્ષાબેન ગઢવીની સંઘર્ષ ગાથા રૂંવાડા ઉભાં કરી જાય છે, અને જિંદગી જીવવાની રાહ ચિંધતા જાય છે...!!

સંબંધ સજાવે જિંદગી

નારી તું નારાયણી

- સંજય થોરાત

gsrelation@yahoo.com

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૭

સૂર્યાસ્ત : ૭.૨૫

તાપમાન

મહત્તમ : ૩૬.૩ ડિ.સે.

લઘુત્તમ : ૨૭.૮ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૭૮ ટકા ● સાંજે ૫૦ ટકા

મનોરંજન

સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :

કૉકટેલ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

બોલ બચ્ચન : ૧૨.૩૦

ધ ડાર્ક કેનાઈટ રાઈસીસ (હિન્દી) : ૩.૩૦, ૧૦.૦૦

ધ ડાર્ક કેનાઈટ રાઈસીસ (અંગ્રેજી) : ૬.૪૫

: સ્ક્રીન-૩ :

ધ ડાર્ક કેનાઈટ રાઈસીસ (હિન્દી) : ૧૨.૩૦

બોલ બચ્ચન : ૩.૪૫, ૭.૦૦, ૧૦.૧૫

: સ્ક્રીન-૪ :

ગટ્ટુ : ૧૦.૦૦

કૉકટેલ : ૧૧.૪૫, ૨.૩૦

પિકચર અભિ બાકી હૈ : ૫.૧૫

બોલ બચ્ચન : ૭.૪૫, ૧૦.૩૦

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

બોલ બચ્ચન : ૯.૦૦

ગટ્ટુ : ૧૨.૦૦

કૉકટેલ : ૨.૦૦, ૪.૪૫, ૭.૩૦, ૧૦.૧૫

: સ્ક્રીન-૨ :

કૉકટેલ : ૯.૪૫, ૧૨.૪૫, ૩.૩૦, ૬.૧૫, ૯.૧૫

: સ્ક્રીન-૩ :

ધ ડાર્ક કેનાઈટ રાઈસીસ (હિન્દી) : ૧૦.૦૦

બોલ બચ્ચન : ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૪ :

ધ ડાર્ક નાઈટ રાઈસીસ (હિન્દી) : ૯, ૧૨, ૩.૧૫, ૬.૩૦, ૯.૪૫

સૂર્યા, વાવોલ

કૉકટેલ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

જો જે રંગ લાવશે આપણી પ્રીત : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

ધાર્મિક

- શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ સે.-૨૩, ગાંધીનગર દ્વારા મહેશભાઈ ઠાકર, સેકટર-૨૬ના નિવાસ સ્થાને શિવમહિમ્ન પાઠ અને સ્તુતિ વંદના રાત્રે ૯.૦૦ કલાકે.
- શ્રી સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ, ગાંધીનગર દ્વારા ઈન્દુબેન અમરાવતકર, બ્લોક નં. ૪૫૮/૧, સે.-૨૩, ના નિવાસ સ્થાને સ્તુતિ વંદના.
- શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ સ્ટો.-૨૬, ગાંધીનગર દ્વારા અનિલભાઈ વ્યાસ, બ્લોક નં.૬૫૫/૧, કિસાનનગર, ના નિવાસ સ્થાને શિવમહિમ્ન પાઠ અને સ્તુતિ વંદના રાત્રે ૯.૦૦ કલાકે.
- શ્રી રામજી, મંદિર શ્રીરામ ધામ વાવોલ ખાતે શ્રાવણ માસ નિમિતે સવારથી જ સુકામેવાના હિંડોળા પ્રારંભ.

આપની આજ

મેષ : વ્યાપારિક ભાગીદારીમાં, કૌટુંબિક વિવા વગેરે માટે ભાગ્યવર્ધક યાત્રા પ્રવાસનું આયોજન થશ. કલાક્ષેત્રે જોડાયેલાઓ માટે લાભ પ્રાપ્ત થઈ શકશે. નાણાંકીયક્ષેત્રે સમસ્યાઓ ઉદ્‌ભવી શકે છે.

વૃષભ : ઈચ્છિત કાર્ય થવાની તથા તેમાં સફળતા મળવાની સંભાવનાઓ રહેલી છે. વિરોધીઓ સમજૂતી કરી શકે છે. વેપારમાં, સમાજમાં તમારા બુદ્ધિચાતુર્ય અને દૂરદર્શિતાની પ્રશંસા થઈ શકશે.

મિથુન : ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં સફળતા મળવાની સંભાવનાઓ છે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે.

કર્ક : નવા સંબંધો બનશે. માનસિક શાંતિ જાળવી રાખવી આપના માટે હિતાવહ રહેશે. ઘરમાં મહેમાન આવશે. વ્યાપાર - વ્યવસાય મધ્યમ રહેશે.

સિંહ : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા- સંબંધીઓથી મુલાકાત થઈ શકશે. દામ્પત્યજીવનમાં સુખની કમી આવી શકે છે. નવા સંબંધ બની શકે છે.

કન્યા : સામાજિક ક્ષેત્રોથી લાભ મળી શકશે. ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપિનો યોગ બની રહ્યો છે. સામાજિક ક્ષેત્રોમાં ધાર્મિક કાર્યો વગેરેના આયોજન થઈ શકશે.

તુલા : મિત્રના સાથે તકરારમાં ઉતરવું નહીં. કુટુંબનું વાતાવરણ નિરાશાજક રહેવાથી આપના ઉત્સાહમાં કમી આવી શકે છે. વધુ ખર્ચ ન થાય તેની તકેદારી રાખવી.

વૃશ્ચિક : આપને જોમ, જુસ્સો અને સ્ફૂર્તિ જળવાઈ રહેશે. કાર્યમાં પ્રગતિ થઈ શકશે. સ્નેહીજનો સાથે મુલાકાત થશે. ધાર્મિક બાબતે રુચિ વધશે. કોઈ વ્યક્તિગત સમસ્યા રહી શકે છે.

ધન : નવી કાર્ય યોજનાઓનું આયોજન થઈ શકશે. પ્રેમ સંબંધોમાં સફળતા પ્રાપ્ત થશે. કુટુંબમાં શાંતિનું વાતાવરણ જળવાઈ રહેશે. માન- સન્માન પ્રાપ્ત થશે.

મકર : આપે પોતાની બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વૃદ્ધિ થઈ શકશે. શત્રુઓથી હાનિ થવાની આશંકા રહેલી છે. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે.

કુંભ : માનસિક અસ્થિરતા દૂર થઈ શકશે. જમીન, વાહન, મશીનથી લાભ પ્રાપ્ત થઈ શકે છે. સામાજિક અને રાજકીય કાર્યોથી માન- સન્માન પ્રાપ્ત થઈ શકશે.

મીન : આજે શુભ સમાચાર કે શુભ ફળ પ્રાપ્ત થઈ શકશે. વિરોધાભાસ અને વિવાદને કારણે પરિણામ નહીં મળી શકે. રાજકીય કાર્યોથી દુર રહેવું. આકસ્મિક ખર્ચ થશે.

ચિરવિદાય

- સ્વ. પુરષોત્તમભાઈ મીઠાભાઈ રાઠોડ (ઉ.વ. ૬૫) બ્લોક નં. ૪૯/૧, સેકટર-૧૪, ગાંધીનગર.
- સ્વ. વ્રજલાલ છગનલાલ ગુસાણી (ઉ.વ. ૮૦) પ્લોટ નં. ૩૪૧/૩, ચંદ્રલય એપાર્ટમેન્ટ, સેકટર-૨૯, ગાંધીનગર.
- સ્વ. સુરેશકુમાર વસંતલાલ આહુજા(ઉ.વ.૪૩) ૬, સર્વોદયનગર, સેકટર-૩૦, ગાંધીનગર.